**DATE: 29/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# દહેગામ દરિયા કિનારે જુગાર રમતા ત્રણ ઝડપાયા

ભરૂચ : દહેગામ ગામની સીમમાં ભાઠામાં દરિયા કિનારે રેડ કરી ત્યાં જુગાર રમતાં બિલાલ હાજી અકબરભાઈ મલેક, યુનુસ અકબર બાજી મલેક, રાયસંગભાઈ બેચરભાઈ રાઠોડ (તમામ રહે. દહેગામ) રોકડ મળી કુલ રૂપિયા ૩૦,૭૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે સિદીક રાજા મલેક, આરિફ જબ્બાર રસુલ કાજુ મલેક, હારૂન અખ્તર બશીર મલેક, સાદિક શરીફ મલેક, જયંતીભાઈ રઈજીભાઈ પરમાર નાસી છુટતાં વોન્ટેડ જાહેર કરાયા છે.

**DATE: 29/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# નહાર ગામે દરિયાઈ પટ્ટીના ભાઠામાં ૯ શખ્સો જુગાર રમતા ઝડપાયા



જંબુસર : જંબુસર તાલુકાના નહાર ગામે દરિયાઈ પટ્ટી પર શનિદેવ મંદિર પાસે ભાઠામા જુગાર રમતા ૯ ઈસમો કાવી પોલીસે ઝડપાઈ જતા રૂ.૧,૧૮,૬૩૦/- મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.પોલીસે રેડ પાડતા ૫ ઈસમો ભાગી છૂટતા તેઓને પકડવા ચક્રોગતિમાન કર્યા છે. કાવી પોલીસના PSI એલ.એ.પરમાર સહીત ટીમને પેટ્રોલિંગ બાતમી મળી હતી કે નહાર ગામે દરિયા કિનારે આવેલા શનિદેવ મંદિર પાસે ભાઠામાં કેટલાક ઈસમો પત્તા-પાના વડે જુગાર રમી રહ્યા છે. એવી માહિતી મળતા કાવી પોલીસી ટીમે રેડ કરી મયુર મનોજભાઈ મહેતા, મહેશ રમણભાઈ સોલંકી, દીપક ઉકેળભાઈ સોલંકી, શૈલેષ મફતભાઈ માછી, ભઈલાલ મંગળભાઈ માછી, પ્રવીણ રણછોડભાઈ માછી, અજય મોહનભાઈ માછી, સંજય ભગવાનભાઈ માછી (તમામ રહે. જંબુસર) તેમજ રાકેશ જીવણભાઈ માછી (રહે તા. પં. કચેરી સામે નવીનગરી, આમોદ)ને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. તેઓની રોકડ, બાઈક, મોબાઈલ મળી કુલ રૂ.૧,૧૮,૬૩૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની રેડ દરમિયાન જુગાર રમતા પાંચ ઈસમો ભાગી છુટ્યા હતા.

**DATE: 29/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરમાં બ્રાન્ડેડ કંપનીના નામે ડુપ્લિકેટ કપડા વેચતો વેપારી ઝડપાયો

## **હરિ** ગારમેન્ટમાં પોલીસની રેડ: રૂ.૨.૭૮ લાખનો મુદ્દામાલ કબજે



અંકલેશ્વર,ભરૂચ : અંકલેશ્વરની વાલિયા ચોકડી ઉપર આવેલા ઝોડીઆક કોમ્પ્લેક્ષમાં આવેલી હરિ ગારમેન્ટનો માલિક બ્રાન્ડેડ લેવીસ કંપનીના ડુપ્લિકેટ કપડાં વેંચતા હોવાની માહિતી મળતાં રેડ પાડવામાં આવી હતી. મુંબઈના દાદર ખાતે રહેતાં એક્ઝિક્યુટિવ મેહુલ ધોલે લેવીસ



કંપનીના ટ્રેડમાર્ક પ્રોટેકશન તેમજ કોપી રાઈટ અંગેનું કામ કરે છે. તેઓએ પોતાની કંપનીના અન્ય સ્ટાફ અને અંકલેશ્વર શહેર પોલીસને સાથે રાખી હરિ ગારમેન્ટ કંપનીમાં તપાસ કરાવી હતી.

દુકાનમાંથી લેવીસ કંપનીના ડુપ્લિકેટ ૧૪૭ જીન્સ, ૩૨ શર્ટ અને ૧૫ ટી શર્ટ મળી કુલ ૨૪૫ કપડાં મળતા વેપારી ધર્મેશ ચૌહાણની ટ્રેડમાર્ક અને કોપી રાઈટના ભંગ બદલ ધરપકડ કરાઈ હતી. આ વેપારી ડુપ્લિકેટ લોગો લગાવી તે બ્રાન્ડનું જીન્સ રૂપિયા ૧૪૦૦માં જયારે ટ્રેક, ટી શર્ટ અને શર્ટ રૂ.૮૦૦થી ૬૦૦માં વેચાણ કરતો હતો. પોલીસે ડુપ્લિકેટ લોગો વાળા રૂપિયા ૨.૭૮ લાખના કપડાં કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 30/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# ભરૂચમાં જુગાર રમતા આઠ ઈસમ ઝડપાયા

ભરૂચ: ભરૂચ જિલ્લા પોલીસે બે અલગ અલગ સ્થળોએથી જુગાર રમતા આઠ જુગારિયાને ઝડપી પાડ્યા હતા. ભરૂચ બી ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન બાતમી મળી હતી કે, શેરપુરા-ડુંગરી રોડ ઉપર ત્રણ કૂવા રેલવે ફાટક પાસે જુગારધામ ચાલી રહ્યું છે. બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા ૧૧ હજાર અને ત્રણ બાઈક મળી કુલ રૂ.૭૧ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને મદીના પાર્ક સોસાયટીમાં રહેતા જુગારી અલ્લારખા ગુલામ અહેમદ શેખ, નિસારઅહેમદ ગુલામ અહેમદ મુલ્લા, ઈમરાન મકબુલ શેખ અને મહમદ સાકીર અબ્દુલ અઝીઝ મલેકને ઝડપી પાડ્યો હતો. ઝઘડિયા પોલીસે ગુમાનપુરા ગામના ટેકરા ફળિયામાં ચાલતા જુગારધામ પર દરોડા પાડ્યા હતા અને સ્થળ પરથી રોકડા મળી કુલ 3 હજારથી વધુના મુદ્દામાલ સાથે અરવિંદ બાબુ વસાવા, નીતેશ વસાવા, અલ્પેશ વસાવા અને સંજય વસાવાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 30/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### શહેરના જીઆઈડીસી વિસ્તારમાં તેમજ મહાવિર ટર્નિંગ પાસે બે ઘટનાને અંજામ આપી હતી

# અંકલેશ્વરમાં કારના કાચ તોડી ચિલઝડપ કરનારા છારા ગેંગના બે આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચની LCB પોલીસે અંકલેશ્વર શહેરમાં ગાડીના કાચ તોડીને રોકડા રૂપિયા ભરેલી બેગોની ઉઠાંતરી કરતી અમદાવાદના છરા ગેંગના બે ઇસમોને ગણતરીના દિવસોમાં જ ઝડપી પાડ્યા છે.પોલીસે તેમની પાસેથી બે લાખ રૂપિયા અને ગુનામાં વપરાયેલી બાઈક મળીને કુલ રૂ.2.50 લાખનો મુદ્દામાલ કબ્જે કરીને અન્ય બે આરોપીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

અંકલેશ્વર શહેરમાં ઓગસ્ટ મહિનામાં ગુનાઓના અનેક બનાવો નોંધાયા છે.જોકે પોલીસ વિભાગ દ્વારા દરેક ગુનાઓનો ભેદ ઉકેલી કાઢવામાં સફળતા મેળવી છે. જેમાં વધુ એક ગુનાનું ડિટેક્શન ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કર્યું છે.અંકલેશ્વર શહેર વિસ્તારમાં ચાલુ માસમાં GIDCમાં આવેલા ખુશ હાઈટ્સના પાર્કિંગમાં પાર્ક કરેલી કારમાંથી અજાણ્યા ઈસમો ગાડીનો કાચ તોડી રોકડા રૂપિયા 3.50 લાખની ઉઠાંતરી થઈ હતી.

જ્યારે બીજા બનાવમાં મહાવીર ટર્નિંગ પાસે ત્રણ અજાણ્યા ઈસમો મોટર સાઈકલો ઉપર આવી તે પૈકી એક ઈસમે ગાડીને પાછળથી અથડાવતા ફરીયાદી ગાડીમાંથી નીચે ઉતરી વાતચીત કરતા હતા,તે દરમ્યાન અજાણ્યા ઈસમોએ ત્રીજા ગાડીનો કાચ તોડી આગળની સીટમાં રોકડા રૂપિયા 9.11 ભરેલી બેગની ઉઠાંતરી કરી નાશી ગયા હતાં.

એસપી ડો.લીના પાટીલની સુચનાથી ભરૂચ LCB,પેરોલ ફર્લો સ્કોડ અને સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમો બનાવી શહેરના સીસીટીવીના ફૂટેજ સહિત ઝીણવટ ભરી તપાસ હાથ ધરી જુગનુ ઉર્ફે જીગ્નેશ દિનેશભાઈ ઘાંસી ( છારા ) તેમજ નિલેશ ઉર્ફે કાલા પૃથ્વીસિંહ મીનેકર (બન્ને રહે.,છારાનગર કુબેરનગર અમદાવાદ) નામના બે આરોપીની ધરપકડ કરી છે.

### અન્ય બે આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયાં

ભરૂચ એલ.સી.બી.એ હ્યુમન સોર્સ તથા ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ કરતાં ચિલઝડપના આરોપીઓ અમદાવાદના છારા ગેંગના હોવાનું માલુમ પડ્યું હતું. એલસીબીની એક ટીમે અમદાવાદથી છારા ગેંગના બે સાગરીતોને સરદારનગરથી ઝડપી પાડ્યા હતાં. જ્યારે અન્ય બે આરોપીઓ દીપક પીરૂભાઇ બજરંગે અને મયુર દીનેશભાઇ બજરંગેને વોન્ટેડ જાહેર કર્યાં હતાં.

**DATE: 30/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ત્રણ રસ્તા સર્કલ પાસેથી પોલીસનું વાહન ચેકિંગ

# અંકલેશ્વર શહેરમાં ચોરીની બાઈક સાથે યુવાન ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર ના ત્રણ રસ્તા સર્કલ પાસેથી શંકાસ્પદ બાઈક સાથે એક ઝડપાયો હતો. શહેર પોલીસે 30 હજારની જપ્ત કરી હતી. મૂળ ઉત્તર પ્રદેશ ના અને હાલ છાપરા ગામ ના ઈસમ ની પૂછપરછ કરી હતી. અંકલેશ્વર શહેર પોલીસ ની ટીમ ત્રણ રસ્તા સર્કલ પાસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું દરમિયાન એક શખ્સ નંબર પ્લેટ વગરની પેશન બાઈક લઈને આવતા તેને રોકી તેની પૂછપરછ કરતા તે મૂળ યુપી અને હાલ જુના છાપરા ગામ રહેતો અફસર અલી હુસયર અલી સૈયદ હોવાનું જણાવ્યું હતું પોલીસે બાઈક ના જરૂરી દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ ન આપતા તેની અટકાયત કરી 30 હજારની બાઈક કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ બાઈક ચોરી નું હોવાની આશંકા વ્યક્ત કરાઈ હતી.

**DATE: 30/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસ અધિકારીઓ અને આગેવાનોની હાજરી

# ઝઘડિયામાં ગણેશ ઉત્સવ પહેલા શાંતિ સમિતિની બેઠક

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડીયા પોલીસ સ્ટેશન ખાતે ઝઘડીયા પીઆઈ વી.આર. ભરવાડાની અધ્યક્ષતામાં ઝઘડીયા તાલુકાના ગણપતિ મંડળના આયોજકો સાથે શાંતિ સમિતિની મીટીંગનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં તાલુકામાં કાયદો અને વ્યવસ્થા બાબતે ઝઘડીયા પીઆઈ વી.આર. ભરવાડા દ્વારા ગણપતિ મંડળના આયોજકોને ગણપતિ ઉત્સવ બાબતે જરૂરી સુચનાઓ આપતા જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આવતી કાલે ઝઘડીયા તાલુકામાં ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. આગામી તા.31 ઓગસ્ટ 2022 ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. ગણપતીની સ્થાપના બાદ ધાર્મિક રીતિ રીવાજ મુજબ પ્રસંગ કરવામાં આવશે. જેમાં આગામી ગણેશોત્સવ દરમિયાન ઝઘડીયા તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતીનો માહોલ જળવાઈ રહે તે માટે દરેક મંડળને ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી.

ઝઘડીયા પીઆઈ વી.આર.ભરવાડા દ્વારા આયોજકોને જણાવવામાં આવ્યું હતું કે કોઈ વાદ વિવાદ કે કોઈની ધાર્મિક લાગણીઓ દુભાય એવા કૃત્યો કરવાના રહેશે નહીં. તેમજ જો કોઈ ગણપતિ મંડળ દ્વારા સુલેહ શાંતિ ભંગ કરે એવા કૃત્યો કરવામાં આવશે તો આયોજકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ મીટીંગમાં તાલુકાના આગેવાનો તથા ગણેશ મંડળના આયોજકો ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 31/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ઉછાલીમાં પૂજા કરવા બાબતે માથાકૂટ થતાં મહારાજની હત્યા થઈ હતી, હત્યારો પકડાયો

**નર્મદા** કુટિર રસ્તામાં જ પડતી હોવાથી આરોપી રોજ દર્શન કરવા માટે જતો હતો

અંકલેશ્વર, ભરૂચ:અંકલેશ્વર તાલુકાના ઉછાલી ગામે આવેલી નર્મદા કુટિરના ૭૫ વર્ષીય મહારાજ મંગળદાસ ભયજી વસાવાની નર્મદા કુટિરમાં શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. પોસ્ટમોર્ટમ કરતાં હત્યા કરાઈ હોવાનું ખૂલ્યું હતું. એ સાથે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. મહારાજની હત્યામાં વિષ્ણુ છના વસાવા (રહે., કરજણ કોલોની સામે, આદર્શનગર, નેત્રંગ રોડ, રાજપારડી) ને ઝડપી લેવામાં આવ્યો હતો. હત્યારો અંકલેશ્વર હ્યુબેક કલરમાં નોકરી કરતા હોય, આવવા-જવાનો રોડ ઝઘડિયાથી ઉછાલી નર્મદા કુટિર થઈ જતો હતો. કુટિર જતાં મહારાજ સાથે દર્શન કરવા બાબતે તકરાર થતાં મહારાજે આરોપીને ગાળો આપી હતી.

ગત તા.૨૪ ઓગસ્ટે ફરી મૃતક મહારાજે આરોપીને અપશબ્દો કહ્યા હતા. જે અંગે આરોપીને લાગી આવતાં તા.૨૫મીએ મહારાજ નર્મદા કુટિરમાં પૂજા કરતા હતા ત્યારે પાવડા વડે મહારાજને માથાના ભાગે ત્રણેક ફટકા મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા.

**DATE: 31/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## સોશિયલ મીડિયા ગ્રૂપમાં બંને વચ્ચે ઝઘડો થયો હતો

# અંકલેશ્વરમાં યુવાન પર કાર ચઢાવી દેનાર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં ગત રોજ ગણેશ શોભાયાત્રા નિહાળવા ભાઈઓ સાથે ઉભેલા બીટીપી આગેવાન મુકેશ વસાવા પર માથાભારે કિશન વસાવા એ કાર વડે કચડી નાખવાની કોશિશ કરી હતી. જો કે કિશન વસાવા બચી ગયો હતો પણ શોભાયાત્રા માં રહેલ ભક્તો અડફેટે આવ્યા હતા જે બાદ કાર લઈ ભાગેલા કિશન વસાવા પંચાતી બજાર વડ પાસે કાર ખુલ્લી મૂકી ફરાર થઈ ગયો હતો. ઘટના અંગે શહેર પોલીસ મથકે મુકેશ વસાવા એ નોંધાવેલી ફરિયાદ આધારે પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધી કિશન વસાવા ને ઝડપી પાડવાની કવાયત શરુ કરી હતી. અને ગણતરી ના સમય માં કિશન વસાવા ને ચોક્કસ માહિતી આધારે ઝડપી પાડ્યો હતો.અને તેની અટક કરી કોવિદ ટેસ્ટ કરાવી વિધિવત ધરપકડ કરી હતી જ્યારે દીવા ગામ ખાતે કિશન વસાવા એ કરેલા મુકેશ વસાવા ના મિત્ર અને ડ્રાઈવર જોડે કરેલા ઝગડા માં તેના અન્ય સાથીઓ ને પણ ઝડપી પાડવાની કવાયત આરંભી હતી.

**DATE: 31/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# અંકલેશ્વરના વિદ્યાર્થીઓએ જીઆઇડીસી પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



અંકલેશ્વર |અંકલેશ્વર લાયન્સ કલબ ના ટ્રસ્ટ સંચાલિત લાયન્સ ઈન્ટરનેશનલ એકેડમી ના એસ.પીસી ના 22 વિદ્યાર્થીઓ અને 22 વિદ્યાર્થીઓ ના ગ્રુપ દ્વારા શાળા શિક્ષક સાથે જીઆઇડીસી પોલીસ મથકની મુલાકાત લેવામાં આવી હતી. કાયદા અને પોલીસ કઈ રીતે કામ કરે છે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. પોલીસ વિભાગ ના પી.આઈ. એ.કે. જાડેજા તેમજ સ્ટાફના નિશાબેન બામણીયા, મંગલસિંહ રાઠવા દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. લાયન્સ ઈન્ટરનેશનલ એકેડમી ના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓ શિક્ષકો જરૂરી માર્ગદર્શન મેળવી પોલીસ વિભાગનો આભાર માન્યો હતો.

### કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેનું ધ્યાન રખાશે

# નેત્રંગમાં હાટ બજારમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

આજથી ગણેશ મહોત્સવનો પ્રારંભ થવા જઈ રહયો છે ત્યારે નેત્રંગના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસે ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.

કોરોનાની મહામારી બાદ તહેવારોની મોસમ પુર બહારમાં ખીલી છે. આજથી ગણેશ મહોત્સવનો પ્રારંભ થઈ રહયો છે ત્યારે ભરૂચ જિલ્લાના તાલુકા મથક નેત્રંગમાં પોલીસે ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. ગણેશ મહોત્સવ પહેલાં શ્રીજીના આગમનની સવારીઓ નીકળી રહી છે તેમજ ગણેશ મહોત્સવના 10 દિવસ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. પીએસઆઈ વૈશાલી આહિર તથા તેમની ટીમે નેત્રંગના હાટ બજાર તથા સંવેદનશીલ વિસ્તારોમાં



પેટ્રોલિંગ કર્યું હતું. તેમણે લોકોને કોઈ પણ પ્રકારની અફવાથી દુર રહેવા તથા કઈ પણ શંકાસ્પદ જણાય તો પોલીસને જાણ કરવા અપીલ કરી હતી. ગણેશ મહોત્સવ તથા હાટ બજારને કારણે નેત્રંગ મુખ્ય મથક ખાતે મોટી સંખ્યામાં લોકો આવવાની સંભાવના છે.જેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તે માટે પોલીસ સક્રિય બની છે.

**DATE: 04/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરના તમામ ટ્રાફિક પોઈન્ટ ઉપર વાહન ચેકિંગ કરાયું હતું

# અંકલેશ્વરમાં ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસ અને ટ્રાફિક પોલીસ દ્વારા તમામ ટ્રાફિક પોઈન્ટ ઉપર વાહન ચેકીંગ હાથ ધર્યું હતું .જેમાં લાયસન્સ, આરસી બુક બ્લેક ફિલ્મ વિગેરે ચેક કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી .

હાલ ચાલી રહેલા ગણેશ મહોત્સવ નિમિતે અંકલેશ્વર માં ધાડ લૂંટ જેવા બનાવો બનતા અટકાવવાના હેતુસર પોલીસ વિભાગ દ્વારા વાહન ચેકિંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી અંકલેશ્વર શહેર પોલીસ અને ટ્રાફિક પોલીસ દ્વારા તમામ ટ્રાફિક પોઈન્ટ ઉપર વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું શહેરના ત્રણ રસ્તા સર્કલ પાસે શહેર પીઆઈ આર એચ વાળા ધર્યું હતું તો બીજી તરફ પ્રતિન ચોકડી ઉપર ટ્રાફિક પીએસઆઈ જે. પી. ચૌહાણ દ્વારા સ્ટાફ સાથે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું આ વાહન ચેકીંગમાં શંકાસ્પદ વાહન, બાઈક તેમજ ફોર વ્હીલની ડીકી, લાયસન્સ, આરસી બુક બ્લેક ફિલ્મનું ચેકીંગ કરવામાં આવ્યું હતું, જેમાં કેટલાક વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં



અંકલેશ્વર શહેરના તમામ ટ્રાફિક પોઈન્ટ ચેકીંગ હાથ ધરાયું.

**DATE: 04/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ઝઘડિયાના કપાટ ગામે જુગાર રમાડતા ઈસમ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના કપાટ ગામેથી પોલીસે સટ્ટા બેટિંગના આંક ફરકના જુગાર સાથે એક ઈસમને ઝડપી લીધો હતો. ઉમલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન કપાટ ગામે સંજય વસાવા તેના ઘરની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં સટ્ટા બેટિંગનો જુગાર રમાડે છે. પોલીસે છાપો મારતા ઘરના એક ઈસમ ચાલુ મોબાઈલ ફોને એક બુકમાં કંઈક લખતો જણાયો હતો. જેને કુલ રૂ.11610નો મુદ્દામાલ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 04/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ઈન્દોરનો યુવાન નોકરી માટે સુરત ગયો, નોકરી તો ન મળી પણ મોબાઈલ પણ ગુમાવ્યો

# બેરોજગારીના બોજાથી કંટાળેલો યુવાન નર્મદામાં કૂદે તે પહેલાં પોલીસે બચાવ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર | ભરૂચ

ઈન્દોરના યુવાને નોકરી નહિ મળતા હતાશામાં કારણે નર્મદા નદીમાં ઝંપલાવવાની કોશિષ કરતા યુવાનને પોલીસ કર્મી, બિટીઈટી જવાન અને સામાજિક કાર્યકરે સમજાવી બહાર કાઢી લાવ્યા હતાં.યુવાનને અંકલેશ્વર શહેર પોલીસને સોંપતા તપાસ આરંભી છે.

ઈન્દોરનો રહેવાસી 28 વર્ષીય યુવક જીતેન્દ્ર નોકરીની તલાશમાં પ્રથમ સુરત ખાતે પહોંચ્યો હતો. પરંતુ તેને ત્યાં કોઈ પણ સ્થળે નોકરી નહિ મળી હતી.જ્યારે આ સમયમાં કોઈએ તેનો મોબાઈલ પણ ખોવાઈ ગયો હતો.ત્યાર બાદ તે ભરૂચ ખાતે પહોંચ્યો હતો અહીંયા પણ અનેક સ્થળોએ નોકરીની તલાસ કરતાં કોઈએ તેને નોકરીએ નહિ રાખતાં તે હતાશ સાથે નિરાશ પણ થઈ ગયો હતો.જોકે જિંદગી જીવવા માટે નોકરીની જરૂર હોય નોકરી જ નહીં મળતા આ યુવાને મરવાનું નક્કી કરીને ગોલ્ડન બ્રિજ ખાતે પહોંચીને સાઈડ પરના પીલર પર ઉતરીને લટકીને મોતની છલાંગ લગાવવા માટે બેસી રહ્યો હતો.આ સમયે સી ડિવિઝન પોલીસમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ નટવર શાંતિલાલ વસાવાને આ યુવાન દેખાતા તેમણે તાત્કાલિક સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકીને જાણ કરતાં તે પણ સ્થળ પર આવી જતા બિટીઈટી જવાન સાથે રાખીને યુવાનને સમજાવી બહાર કાઢી લાવ્યા હતાં. જોકે આ યુવક બહાર આવી જતાં ત્યાં હાજર લોકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

